# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

“પંડિત દીનદયાળ ભવન”, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૩૦/૧૧/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.



**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **શહેર ભા.જ.પ. ગુજરાત પોલીસ દ્વારા લેવાનાર લોક રક્ષક દળની પરીક્ષાના પરીક્ષાર્થીઓને રહેવા, જમવાની વ્યવસ્થા કરશે.**
- **સમગ્ર ગુજરાતમાંથી ૭૫,૦૦૦ જેટલા પરીક્ષાર્થીઓ ભાગ લેનાર છે ત્યારે સુરત શહેરના કેન્દ્રો પર પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓને રાહત થાય તે હેતુથી ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના નેજા હેઠળ વ્યવસ્થા કરવામાં આવી છે.**
- **સુરત શહેરના મજુરા ગેટ ખાતે આવેલ દયાળજી આશ્રમ, સિનેમા રોડના લક્કડ કોટ વિસ્તાર ખાતે આવેલ ગલેમંડી, સુથાર ફળીયાના કોમ્યુનીટી હોલ તથા ગોડાદરા ખાતે આવેલ મંગલ પાંડે હોલમાં રહેવા, જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. વધુમાં વધુ પરીક્ષાર્થીઓને લાભ લેવા શહેર ભા.જ.પ. અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું છે.**
- **ભાજપ–સુરત મહાનગરના ઉપપ્રમુખ શ્રી બકુલભાઈ ભટ્ટ, ખજાનચી શ્રી ગુણવંતભાઈ પટેલ, યુવા મોરચાના પ્રમુખ શ્રી મહેન્દ્ર દેસાઈ, કોર્પોરેટર શ્રી પિયુષભાઈ શિવશક્તિવાળા, પૂર્વ કોર્પોરેટર શ્રી ગેમરભાઈ દેસાઈ અને વોર્ડ નં. ૨૫ના પ્રમુખ શ્રી અરૂણભાઈ મિશ્રા ટીમ સાથે પરીક્ષાર્થીઓને ખડે પગે સેવા આપશે.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

## ''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

ગુજરાત પોલીસ દ્વારા આગામી તા. ૨ ડિસેમ્બર–૨૦૧૮, રવિવારના રોજ સમગ્ર ગુજરાતમાં લોક રક્ષક દળની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાંથી ૭૫,૦૦૦ થી વધુ પરીક્ષાર્થીઓ ભાગ લેશે ત્યારે સુરત શહેરના પરીક્ષા કેન્દ્રો પર સમગ્ર ગુજરાતમાંથી આવનાર પરીક્ષાર્થીઓ માટે રહેવા, જમવા તથા નાસ્તાની વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા કરવામાં આવી છે.

ભાજપ–સુરત મહાનગર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું છે કે સુરત શહેરના મજુરા ગેટ ખાતે આવેલ દયાળજી આશ્રમ, સિનેમા રોડના લક્કડ કોટ વિસ્તાર ખાતે આવેલ ગલેમંડી, સુથાર ફળીયાના કોમ્યુનીટી હોલ તથા ગોડાદરા ખાતે આવેલ મંગલ પાંડે હોલમાં પરીક્ષાર્થીઓને રહેવા, જમવા, નાસ્તાની સુવિધા પુરી પાડવામાં આવશે. વધુમાં વધુ પરીક્ષાર્થીઓને લાભ લેવા જણાવાયું છે. ભાજપ–સુરત મહાનગરના ઉપપ્રમુખ શ્રી બકુલભાઈ ભટ્ટ, ખજાનચી શ્રી ગુણવંતભાઈ પટેલ, યુવા મોરચાના પ્રમુખ શ્રી મહેન્દ્ર દેસાઈ, કોર્પોરેટર શ્રી પિયુષભાઈ શિવશક્તિવાળા, પૂર્વ કોર્પોરેટર શ્રી ગેમરભાઈ દેસાઈ અને વોર્ડ નં. ૨૫ના પ્રમુખ શ્રી અરૂણભાઈ મિશ્રા ટીમ સાથે પરીક્ષાર્થીઓને ખડે પગે સેવા આપશે.

સુરત શહેરમાં આવનાર પરીક્ષાર્થીઓને કોઈ અસુવિધા ન થાય તે માટે શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ પોતાના મોબાઈલ નંબર ૯૮૨૫૧૧૪૭૭૪ તથા શહેર ઉપપ્રમુખ શ્રી બકુલભાઈ ભટ્ટ (મો.નં. ૯૮૨૫૧૮૮૪૧૩), ખજાનચી શ્રી ગુણવંતભાઈ પટેલ (મો.નં. ૯૮૨૫૧૨૩૩૬૬), શહેર યુવા મોરચાના પ્રમુખ શ્રી મહેન્દ્ર દેસાઈ (મો.નં. ૯૮૨૫૪૨૦૦૪૬), કોર્પોરેટર શ્રી પિયુષભાઈ શિવશક્તિવાળા (મો.નં. ૯૮૨૫૦૫૬૮૫૧), પૂર્વ કોર્પોરેટર શ્રી ગેમરભાઈ દેસાઈ (મો.નં. ૯૯૯૮૯૦૦૦૪૭), વોર્ડ નં. ૨૫ના પ્રમુખ શ્રી અરૂણભાઈ મિશ્રા (મો.નં. ૯૯૧૩૩૧૪૯૪૯) પર સંપર્ક કરવા જણાવ્યું છે.

શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, શહેર મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલે તમામ પરીક્ષાર્થીઓને પરીક્ષામાં સફળ થાય તે માટે હાર્દિક શુભેચ્છા પાઠવી છે.

| ક્રમ | સ્થળ | વ્યવસ્થાપકનું નામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| 1 | દયાળજી આશ્રમ, મજુરા ગેટ, સુરત | શ્રી બકુલભાઈ ભટ્ટ<br>શ્રી ગુણવંતભાઈ પટેલ | 9825188413<br>9825123366 |
| 2 | કોમ્યુનીટી હોલ, ગલેમંડી, સુથાર ફળીયા, સિનેમા રોડ, સુરત | શ્રી પિયુષભાઈ શિવશક્તિવાળા<br>શ્રી રાકેશભાઈ માળી<br>શ્રી મહેન્દ્ર દેસાઈ | 9825056851<br>9824147646<br>9825420046 |
| 3 | મંગલ પાંડે હોલ, ગોડાદરા મેઈન રોડ, લિંબાયત, સુરત | શ્રી ગેમરભાઈ દેસાઈ<br>શ્રી અરૂણભાઈ મિશ્રા | 9998900047<br>9913314949 |